જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૭/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૬ લીટર દેશી દારૂ, ૪૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩૬૫/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૩૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૩૬/૨૦૨૬**

ઇસનપુરઃ મહેન્દ્રસિંહ સરદારસિંહ રાજપૂત (ઉ.વ.૫૭) (રહે. પ્રસિદ્ધિ સોસાયટી વિશાલનગર મહાવીર સ્કુલ સામે ઇસનપુર) એ તા.૨૫/૦૭/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૨૬ કલાક ૧૨/૦૦ થી કલાક ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૨૯૬૮૩૬૧૭૯ અને ૯૨૦૪૫૪૭૮૫૪ ના ધારકોએ મહેન્દ્રસિંહ રાજપૂત નાઓને ફોન કરી બેંક ઓફ ઇન્ડિયામાંથી વાત કરતા હોવાની ઓળખ આપી મહેન્દ્રસિંહ રાજપૂતનાઓના બેંક ખાતાનું કે.વાય.સી. કરાવવાનું કહી વિશ્વાસમાં લઈ મહેન્દ્રસિંહ રાજપૂતના મોબાઈલ નંબર પર BOI Aadhar update1.apk નામની apk file મોકલી મહેન્દ્રસિંહ રાજપૂતનો મોબાઈલ ફોન હેક કરી મહેન્દ્રસિંહ રાજપૂતનાઓના બેંક ખાતામાંથી IMPS દ્વારા ઓનલાઈન કુલ રૂપિયા ૧,૮૫,૯૪૫/– ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

મણીનગરઃ યુવરાજ વજુભાઇ પરમાર (ઉ.વ.૨૬) (રહે. તેજેન્દ્ર એપાર્ટમેન્ટ સ્વામિનારાયણ મંદિર પાછળ રામબાગ મણીનગર) એ તા.૨૫/૦૭/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે યુવરાજ પરમારએ ક્રેડીટ કાર્ડમાંથી અન્ય બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવાના હોય તા.૧૨/૦૬/૨૦૨૬ બપોરના ૦૨/૩૦ વાગ્યાના સુમારે યુવરાજ પરમાર એ ઇન્સ્ટાગ્રામ પર ક્રેડીટ કાર્ડમાંથી બેન્ક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવા રીલ્સ જોતા જે રીલ્સમાં “રાધે એન્ટરપ્રાઇઝ” નામથી પેજ હોય જેના વ્હોટસઅપ નંબર ૯૧૫૭૨૨૧૮૯૬ પર ક્રેડીટકાર્ડમાંથી બેન્ક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવા બાબત વાતચીત કરતા તેઓએ ક્રેડીટકાર્ડ માંથી રૂપિયા યુવરાજ પરમારના ખાતામાં ટ્રાન્સફર કરી આપવાનો વિશ્વાસ આપી યુવરાજ પરમારના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૪૨,૯૮૬/– ઓનલાઇન ઉપાડી લઈ યુવરાજ પરમારના ખાતામાં જમા નહીં કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૩૭/૨૦૨૬**

ઓઢવઃ સંધ્યાબહેન સુભાચંદ મિશ્રા (રહે. મારૂતીનગર ફાયર સ્ટેશન પાસે કેનાલ રોડ ઓઢવ) એ તા.૨૫/૦૭/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૬ રાતના ૧૦/૩૦ થી તા.૨૪/૦૭/૨૦૨૬ કલાક ૦૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યકિત ઘરમાં પ્રવેશ કરી, તિજોરીના ડ્રોઅરમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૮૨,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૧૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

સોનાની ચેઇન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૦૩૮/૨૦૨૬**

અમરાઈવાડીઃ મધુબહેન વા/ઓ રતીલાલ મહેરીયા (ઉ.વ.૫૬) (રહે. સયાજી સમુધ્ધી કો.ઓ.હા.સોસાયટી સિંગરવા કઠવાડા રોડ ભાગ્યોદય ભગીરથ સોસાયટી સામે સિંગરવા કઠવાડા રોડ) તા.૨૪/૦૭/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે અમરાઈવાડી વિશાલા પાર્ક સોસાયટીના નાકા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ મધુબહેન મહેરીયાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મધુબહેન મહેરીયાએ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.ભેટારીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૩૯/૨૦૨૬**

શહેરકોટડાઃ મધુબહેન જયેશકુમાર શ્રીમાળી (ઉ.વ.૩૮)(રહે.પોપટલાલની ચાલી ચામુંડાબ્રિજ પાસે સરસપુર) એ અગમ્ય કારણોસર તા.૨૪/૦૭/૨૦૨૬ રાતના ૦૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિશ્રામભાઇ સવજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી